ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૮-૨૦૧૩, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### લાલ કિલ્લા અને લાલન કોલેજની લડાઈ

દેશના ૬૭મા સ્વાતંત્ર્ય દિવસે નિવૃત્ત થઈ રહેલા વયોવૃદ્ધ વડાપ્રધાન મનમોહનસિંહે લાલ કિલ્લા પરથી એમને આવડી એવી ઢીલીઢાલી હિંદીમાં એમનું ભાષણ વાંચ્યું. એ ભાષણમાં એમણે દેશની સામે જે સમસ્યાઓ મોં વકાસીને ઊભી છે એની ચર્ચા તો કરી પણ એથી વિશેષ પોતાને સળંગ દસ વરસ લગી આ સર્વોચ્ચ પદ પર આરૂઢ કરનાર કોંગ્રેસ પક્ષ અને એના સર્વેસર્વા બની રહેલા નહેરુ-ગાંધી પરિવારની ભરપૂર પ્રશંસા પણ કરી. મનમોહનસિંહ ક્યારેય રાષ્ટ્રીય નેતાની ઈમેજ ઊભી કરી શક્યા નથી, તેઓ એક ઉત્તમ વહીવટદાર અને અર્થશાસ્ત્રી જ રહ્યા એથી એમની છાપ દેખીતી રીતે એક કહ્યાગરા કંથ જેવી જ રહ્યા કરી છે. હવે જ્યારે આગામી ૧૫ ઓગસ્ટ, ૨૦૧૪ના દિવસે લાલ કિલ્લા પર કોઈ બીજો જ નેતા ત્રિરંગો ફરકાવવાનો છે એ નક્કી દેખાઈ રહ્યું હોય પછી એ રાહુલ ગાંધી હોય કે મુલાયમસિંહ અથવા જે પોતાને આ પદ માટે સૌથી વધુ યોગ્ય સમજી ગુજરાતને ભારત સમજી બેઠા છે તે નરેન્દ્ર મોદી હોય- એક મુદ્દે મનમોહનને પાકી ખાતરી થઈ ચૂકી છે કે એમનો સમય પૂરો થઈ ચૂક્યો છે, ત્યારે એમણે કેટલીક વાતો ખોંખારીને કહેવી જોઈતી હતી, જે તેઓ કહી શક્યા નથી. એમણે કબૂલવું જોઈતું હતું કે બીજી ઈનિંગ્સ દરમિયાન એમના શાસનકાળમાં કેટલીક એવી ઘટનાઓ ઘટી, જેનો પોતાને અફસોસ છેઃ દા.ત. વિવિધ પ્રકારનાં કૌભાંડો, નકસલવાદી ઘટનાઓ, બેફામ મોંઘવારી જેને તેઓ આજપર્યંત કાબૂમાં લઈ શક્યા નથી, રૂપિયાનું સતત થઈ રહેલું અવમૂલ્ય એ એક રીતે દેશની આર્થિક મહત્તાનું જ અવમૂલ્યન ગણાવું જોઈએ અને સરહદ પર બનેલી નામોશીભરી ઘટનાઓ જેનો માકૂલ પ્રતિસાદ પાઠવવામાં દેશ ઊણો ઊતર્યો છે. આટલી નિખાલસતા સાથે એમણે પોતાની ઢીલીપોચી ભાષામાં પણ કબૂલાતનામું રજૂ કર્યું હોત તો નરેન્દ્ર મોદીની આક્રમક આક્ષેપબાજીથી ભરેલા પ્રચારલક્ષી વાણી વિલાસ કરતાં વડાપ્રધાનની શાંત, ઠરેલ વાતો દેશના પ્રબુદ્ધ નાગરિકોને વિશેષ રુચિકર લાગી હોત. વડાપ્રધાનના કે નરેન્દ્ર મોદીના ભાષણ કરતાં સ્વાતંત્ર્ય દિનની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા દેશવાસીઓને કરાયેલું ઉદ્‌બોધન તમામ અર્થોમાં સંતુલિત અને ચડિયાતું હતું. લાલ કિલ્લા વિરુદ્ધ લાલન કોલેજ, ભુજ ખાતે ફૂંકાયેલું રણશિંગું આમજનતા માટે આશાવાદ કરતાં ફિલ્મી સ્ક્રિપ્ટ બની રહી. આઝાદી દિવસના જશ્નમાં કોઈની ટીકા-ટિપ્પણ કરવાની ન હોય, આ કંઈ ચૂંટણી સભાનું ભાષણ નહોતું, છતાં નરેન્દ્ર મોદીએ એમના સ્વભાવ મુજબ સ્વાતંત્ર્ય દિવસનું પણ સેલ્ફ માર્કેટિંગના પ્લેફોર્મમાં રૂપાંતર કરી જ દીધું. વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને પણ એમના આ અભિગમ અરુચિકર લાગ્યો તે જ શું સૂચક નથી? પરંતુ કોંગ્રેસીઓ મોદીને 'ખલનાયક' કહી દઈ ખતવી નાખવા માગતા હોય તો એમનો એ અભિગમ પણ વાજબી નથી. દેશ ખરેખર કોઈ વધુ સારા વડાપ્રધાનની તલાશમાં છે, બનવાજોગ કે બીજો કોઈ ચહેરો દૂર દૂર પણ નજરે ન ચડે તો એ નરેન્દ્ર મોદીને એક તક આપવાનું પણ વિચારી બેસે!

## લેઉઆ પાટીદાર આદર્શ કેળવણી મંડળ વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા.૧૬

દશ ગામ લેઉઆ પાટીદાર આદર્શ કેળવણી મંડળ દ્વારા ગત તારીખ ૧૫ ઓગષ્ટના રોજ સમાજના છાત્રાલય ખાતે અગત્યની બેઠક મળી હતી. જેમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવા માટે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી.

શ્રી લેઉઆ પાટીદાર આદર્શ કેળવણી મંડળ દ્વારા બેઠકમાં સર્વાનુમતે નિર્ણય કરાયો કે આગામી તારીખ ૨૫ ઓગસ્ટ ૨૦૧૩ને રવિવારના રોજ બપોરે ૨.૩૦ વાગે વિઠ્ઠલભાઈ દેસાઈભાઈ પટેલ 'છાત્રાલય' સેકટર-૧૫- આઈ.ટી.આઈ.ની પાસે ગાંધીનગર ખાતે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ જેવા કે ધોરણ-૧૦માં ૮૦ ટકા અને તેથી વધુ લાવનાર ધોરણ-૧૨ માટે વિજ્ઞાન પ્રવાહ માટે ૭૦ ટકાથી વધુ માર્કસ લાવનાર, સ્નાતક અનુ સ્નાતકના વિદ્યાર્થીઓ પ્રથમ કે દ્વિતિય નંબર પ્રાપ્ત કરનાર, એન્જીનીયરીંગની તમામ ફેકલ્ટીઓના વિદ્યાર્થીઓ, મેડીકલના વિદ્યાર્થીઓ તથા બીજી અન્ય કોઈ પણ ફેકલ્ટીમાં સારા માર્કે પાસ થનાર તમામ વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની નકલ મોકલાવવાની રહેશે. સાથો સાથ સમાજના વિદ્યાર્થીઓ દ્વારા સ્પોર્ટસ (વ્યાયામ)માં ઉજવી ક્ષમતા ધરાવતા હોય તેમણે પણ તેમના સર્ટીફીકેટ મોકલી આપવા વધુમાં વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટની નકલ મંડળના પ્રમુખ શંકરભાઈ આઈ. પટેલ મંત્રી હરેશભાઈ પટેલ, સહમંત્રી લાલભાઈ સી.પટેલ તેમજ એલ.એસ. પટેલને મોકલવી અથવા મંડળના હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યોને વેળાસર પહોંચતી થાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

## જલારામ સેવા સમાજ દ્વારા વિદ્યા પુરસ્કાર સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા સમાજના ધોરણ ૧ થી ૧૨ તેમજ સ્નાતક અનુસ્નાતક કક્ષાનાં તેજસ્વી તારલાઓની અભ્યાસ સાધનાને બિરદાવવા વિદ્યા પુરસ્કાર સમારોહનું આયોજન કરેલ છે. જે તારીખ ૧૮ ઓગસ્ટ ૨૦૧૩ને રવિવાર બપોરે ૨.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. જેમાં આશીર્વચન આપવા માટે સ્વામી આનંદ રાજેન્દ્ર (આનંદ ધામ, પાલનપુર) હાજરી આપશે. મુખ્ય મહેમાન તરીકે પ્રવિણભાઈ ડી. ઠકકર (હરિરામ સેવા કેન્દ્ર, અમદાવાદ) અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર તેમજ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ દ્વારા ખાસ હાજરી આપવામાં આવશે.

## ધ આર્ટ ઓફ લીવીંગ દ્વારા રૂદ્ર પૂજન

ગાંધીનગર, તા.૧૬

ધ આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર ચેપ્ટર દ્વારા રૂદ્ર પૂજાનું આયોજન આગામી તા.૧૮મી ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગે શ્રી બલરામ મંદિર હોલ, સે-૧૨ ખાતે કરવામાં આવ્યું છે. આ પૂજામાં યજમાન બનવા તથા સંકલ્પ લેવા માટે સેન્ટરના ભુલાભાઈ કડિયા (મો.નં. ૯૯૦૯૯ ૨૫૬૦૬) તથા સુરેશભાઈ પરમાર (મોબાઈલ નં. ૯૪૨૬૩ ૦૦૩૦૩)નો સંપર્ક સાધવા જણાવાયું છે.




૬૭માં સ્વાતંત્ર પર્વ અવસરે મહાનગરપાલિકા કચેરી ખાતે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ અવસરે ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, મ્યુ. કમિશનરશ્રી એલ.પી. પાડલીઆ, કોર્પોરેટરશ્રીઓ તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ધ્વજવંદન કાર્યક્રમ પ્રંસગે સે-૨૧ પ્રા. શાળાની બાળાઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની શિક્ષણ સંસ્થા નરસી મોનજી દ્વારા શાળાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૬

જમનાબાઈ નરસી સ્કૂલ ગુજરાતમાં ગાંધીનગર નજીક આવેલા ગીફ્ટ સીટી (ગુજરાત ઇન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી) ખાતે પોતાની શાખા ખોલવા સુસજ્જ છે. ગુજરાતમાં શરૂ કરવામાં આવનારી આ નવી શાખાનું ભૂમિપૂજન ગીફ્ટ સીટી ખાતે ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૩ના રોજ કરવામાં આવ્યું હતું, જે પ્રસંગે નરસી મોનજી એજ્યુકેશનલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જયરાજ ઠાકર, ગીફ્ટ સિટીના ચેરમેન શ્રી સુધીર માંકડ, ગીફ્ટ સિટીના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી રમાકાંત ઝા, જાણીતા અભિનેતા શ્રી પરેશ રાવલ અને ડો. સ્વરૂપ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપવામાં માહિર ગણાતી આ શાળાની શરૂઆતથી સમગ્ર રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે જે પરિસ્થિતિ છે તેમાં ધરમૂળથી પરિવર્તન આવશે.

અત્યંત આધુનિક ટેકનોલોજી, અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા અનોખી ડિઝાઈન અને વિચારધારા ધરાવતી આ શાળા ૧,૨૦,૦૦૦ ચોરસ ફૂટ પર પથરાયેલી હશે અને તેમાં નર્સરીથી માંડીને ગ્રેડ-૧૨ સુધીના આઈસીએસઈ તથા આઈએસસી ટ્રીમના ૨,૦૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. સ્કૂલની સાથે ૨ એકરનું રમતનું મેદાન પણ હશે અને આ શાળામાં જમનાબાઈ નરસી સ્કૂલની અન્ય શાખાઓની જેમ જ ઉચ્ચ સ્તરનું શિક્ષણ આપવામાં આવશે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નરસી મોનજી એજ્યુકેશનલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સુજય જયરાજ ઠાકરને આ શાળા સ્થાપવા માટેનું મેમોરન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ- સમજુતિ કરાર) સુપરત કર્યુ હતુ.

જમનાબાઈ નરસી સ્કૂલ અંગે જાણકારી : જમનાબાઈ નરસી સ્કૂલની સ્થાપના ૧૯૭૧માં કરવામાં આવી હતી અને તે શિક્ષણ ક્ષેત્રે એક સીમાચિહ્ન તરીકે ઉભરી આવી છે. ઉત્તર-પશ્ચિમ મુંબઈમાં જુહુ વિલે પાર્લે ડેવલેપમેન્ટ સ્કીમ ખાતે આવેલી આ સ્કૂલ માત્ર શિક્ષણમાં જ નહીં પરંતુ વિદ્યાર્થીઓને ઈતર પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રાખવાની નામના ધરાવે છે.




નહેરુ યુવા કેન્દ્ર અને આદર્શ નિવાસી શાળા દ્વારા સે-૩૦ ખાતે તાજેતરમાં ધ્વજવંદન અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નહેરુ યુવા કેન્દ્રના યુથ કો ઓર્ડીનેટર રજનીકાંત સુથારે રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો અને પ્રસંગને અનુરુપ વકતવ્ય કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

### ગાંધીનગરનું ગૌરવ

રાજસ્થાન યુનિવર્સિટી આયોજીત અને ઉદેપુર મુકામે યોજાયેલ 'એથિક્સ ઈન હ્યુમન રીસોર્ચ મેનેજમેન્ટ' વિષય પર પેપર રીડીંગ કાર્યક્રમમાં ગાંધીનગરની સેન્ટ્રલ યુનિ.ના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી કુમારી જુહી મેહુલ પંડ્યાએ ભાગ લઈ નિષ્ણાતોની ઉપસ્થિતમાં પ્રભાવશાળી દેખાવ કર્યો હતો. પોતાના વક્તવ્યમાં હ્યુમન રીસોર્સમાં રહેલ એથિક્સ પર મનનીય પેપર રીડીંગ કરી ગુજરાત અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે. પેસીફીક યુનિવર્સિટીના કેમ્પસમાં યોજાયેલ નિષ્ણાતોના 'પેપર રીડીંગ'માં પોતાનું વિચાર સમૃદ્ધ પ્રવચન આપી હ્યુમન રીસોર્સ મેનેજમેન્ટમાં એથિક્સની અનિવાર્યતા ઉપર વિશદ ચર્ચા કરનાર કુ. જુહીને યુનિવર્સિટીના નિષ્ણાંતોએ અભિનંદન આપ્યા હતા.

### પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લાકક્ષાની રોપ સ્કિપીંગ મેચ ચિલોડામાં આવેલ ઓમલેન્ડ માર્ક સ્કૂલમાં યોજાઈ હતી. જેમાં ૨૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર ટીમ જિલ્લામાં પ્રથમ ક્રમે આવતા રાજ્યકક્ષાએ રમવા માટે જશે. જેમાં શાળાનો વિદ્યાર્થી કંસારા રોનક કલ્પેશભાઈ જિલ્લાકક્ષાની ટેકવન્ડો ગેમમાં બીજા નંબરે આવેલ છે. આ દરેક ખેલાડીઓની સિદ્ધિ બદલ શાળા પરિવાર ગૌરવ અનુભવે છે.

### સંતશ્રી ભોજલરામ મંદિરનો પાટોત્સવ અને વિદ્યા પુરસ્કાર સમારંભ યોજાશે

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ દ્વારા સંત શ્રી ભોજલરામ મંદિરનો ૧૩મો પાટોત્સવ તથા ૨૫મો વિદ્યા પુરસ્કાર સમારંભ આગામી તા. ૧૮મી ઓગસ્ટના રોજ સવારે ૯ વાગે સંતશ્રી ભોજલરામ મંદિર, સે-૭ ખાતે યોજાશે. આ અવસરે પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. પાટોત્સવ બાદ બપોરે ઈનામ વિતરણ થશે. આ દરમિયાન રમુજની રંગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજના સભ્યોને આ અવસરે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.



આઝાદી બાદ આપણા દેશનાં વિકાસનો અંદાજ મને જોઈને લગાવો... પહેલા હું તમારા જેવો જ હતો...!!

## ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં દેશભક્તિ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

શહેરના સેક્ટર-૨૩ ખાતે આવેલ ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં દેશ ભક્તિગીતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ ખાતે તા. ૧૪ ઓગષ્ટના રોજ કોલેજની વિદ્યાર્થિનીઓમાં દેશભક્તિ જાગૃત કરવા અને દેશદાઝ તેમજ રાષ્ટ્ર ગૌરવ માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ દેશ ભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં કોલેજની વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ દેશભક્તિના ગીતો રજુ કર્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાંથી રામી હિરલ પ્રથમ ક્રમે, પલક જોશી દ્વિતિય ક્રમે, અનીલાબા ઝાલા તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સુરેશભાઈ રત્નોકર, ડૉ. હર્ષદભાઈ પરમાર, અમિતાબહેન પ્રજાપતિએ સેવા આપી હતી. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ. અમૃતાબહેન પટેલ, ડૉ. જાયમલ રંગીયા, પ્રો. ભીખુભાઈ પરમાર, પ્રો. જ્યોતિબહેન પંચાલ અને પ્રો. રાકેશ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

## ચૌધરી મહિલા કોલેજ દ્વારા યુવા મતદાર મહોત્સવનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૧૬

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સેક્ટર-૭ ગાંધીનગર દ્વારા યુવા મતદાર મહોત્સવ-૨૦૧૩ની ઉજવણીના ઉપક્રમે કોલેજ દ્વારા વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગીત, લેખન સ્પર્ધામાં ટી.વાય.બી.એ. અંગ્રેજી વિષયની વિદ્યાર્થિની ચૌધરી વૃશાલીએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. મે સ્કોટ ડિઝાઈનીંગમાં અનુપા કે. પંડ્યા પ્રથમ ક્રમે દ્વિતિય ક્રમે ઠાકોર ધર્મિષ્ઠા જી. અને તૃતિય ક્રમે પટેલ અદિતી ડી. એ પ્રાપ્ત કરેલ. ફલેશ મોલ સ્પર્ધા જેમાં પ્રથમ ક્રમે નાટક 'રંગલો-રંગલી' જેમાં એસ.વાય.બી.એ.ના અંગ્રેજી વિષયના કુલ-૧૦ વિદ્યાર્થીઓ દ્વિતિય ક્રમે 'મતદાન જાગૃતિ' જેમાં ટી.વાય.બી.એ. અંગ્રેજી વિષયના કુલ-પાંચ વિદ્યાર્થિનીઓ અને તૃતિય ક્રમે 'મત આપણો અધિકાર' નાટક જેમાં ટી.વાય.બી.એ. હોમ સાયન્સની કુલ ૩ વિદ્યાર્થિનીઓ સ્થાન મેળવેલ છે. આ બદલ કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન સી. ચૌધરી અને કોલેજના ઈલેક્શનના ડેઝિગ્નેટેડ ઓફિસર પ્રા. વાઘેલા હેમાંગીની એસ. વિજેતા બનેલ તમામ વિદ્યાર્થિનીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવેલ છે.

## એમ.બી. પટેલ પ્રાથમિક શાળામાં માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની જાણીતી સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શાખાની તમામ પ્રાથમિક શાળાઓના બાળકોના જીવનમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન થાય તેવા ઉમદા હેતુથી માતૃ-પિતૃ વંદનાનો સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાની તમામ પ્રાથમિક શાળાના ૮૬૦૦ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ માણ્યો હતો. જેમાં સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા સંસ્થાના વાઈસ ચેરમેન કનુભાઈ પટેલ દ્વારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તેમણે બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બિરદાવી હતી તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપી બિરદાવ્યા હતા.

## શેરી રમત : આટાપાટા

- અનંત વ્યાસ

ખેલાડીની સંખ્યા : ૧૨
સાધન : કશું નહિ
વયજૂથ : બાર વર્ષ ઉપરનાં
રમવાની જગ્યા : મોટું મેદાન

● **રમવાની પદ્ધતિ**

આટાપાટા એ અતિ પ્રાચીન રમત છે. પહેલાં ગામડાના પાદરમાં આ રમત રમાતી, ઉત્તર ભારતમાં વધારે લોકપ્રિય રમત મનાય છે આજે આ રમત ભાગ્યે જ રમાય છે. મોટા ભાગના યુવાનોએ તો આ રમણનું નામ પણ નહીં સાંભળ્યું. આ એક સાંઘિક રમત છે તે ટુકડી પાડી રમવામાં આવે છે.

સૌ પ્રથમ ખેલાડીઓ બે ભાગમાં વહેંચાઇ છે. પછી રમત માટેનું મેદાન તૈયાર છે. ૨ : ૩ ના માપનાં એક મોટો લંબચોરસ મેદાનની ધૂળમાં દોરવામાં આવે છે. તેમાં ત્રણ-ત્રણ ફૂટના અંતરે આડી લાઇન કે પાટા દોરાય છે. ચોક્કસ માપ લઇને બે ઊભા પાટા દોરાય છે. આડા પાટા ડબલ લાઇનમાં ને ઊભો પાટો સિંગલ લાઇનમાં છે. ખેલાડીની સંખ્યા પ્રમાણે પાટા દોરાય.

લંબચોરસના આગળ ભાગમાં ત્રણ-ચાર ફૂટને અંતરે એક પાટો ડબલ લાઇનમાં દોરાય. તે દુશ્મનોનો પ્રદેશ ગણાય. લંબ-ચોરસના નીચે ત્રણ ફૂટ દૂર વર્તુળ દોરાય. તે આપણી રાજધાની કે કિલ્લો છે. જયાં જયાં પાટા અરસપરસ કાપે છે ત્યાં સંરક્ષકો ઊભા રહે છે. દુશ્મનો પોતાના વિસ્તારમાં ઊભા છે. દુશ્મનોએ સંરક્ષકની નેટવર્ક ભેદી સામેનાં વર્તુળમાં કિલ્લામાં પહોંચી જવાનું છે. જો ત્યાં પહોંચે તો જીતી જાય અથવા અધવચ્ચે માર્યા જાય.

રમત શરૂ થાય ત્યારે દુશ્મનો હુમલો કરવા આગળ આવે. ડાબા-જમણા વહેંચાઇ. લંબચોરસમાં પ્રવેશવા પ્રયત્ન કરે. દરેક પોઇન્ટ કરે. આ પ્રયત્નમાં સંરક્ષકને પોતાના પાટામાં આગળ પાછલ ચાલવાની છૂટ. હાથ લાંબા કરવા - ઝાલવા મારવા - પણ પોતાનો પાટો છોડી વચ્ચે ન આવી શકે.

હુમલો કરનાર દુશ્મનો એક ચોરસમાં એક કે એક કરતાં વધારે પણ હોય - તે લોકોએ પોતે જે બાજુ પસંદ કરી તેજ બાજુ આગળ વધવાનું. ત્રાંસુ ન જવાય. વચ્ચેના ભાગમાં બે સંરક્ષક હોય. તે સતત ચાલતા રહે ને દુશ્મનોના હુમલાથી સંરક્ષકોને બચાવે.

સંરક્ષકો ને માત્ર પાટા પર ચાલવાની છૂટ. જો એ વચ્ચે આવે તો દુશ્મનો તેને પકડે. અડે ને તે રણ પામે. સંરક્ષક પોતાના પાટા પર ચાલતો. હુમલો કરનાર દુશ્મનને અડે તો તે મરણ પામે. સંરક્ષક સતત લાંબા હાથ રાખી શકે. એક બીજાને વળોટે - આંકડા ભીડે પણ કોઇ રીતે દુશ્મન આગળ ન વધે તેનું ધ્યાન રાખે. દુશ્મન સંરક્ષકની નજર ચુકવી. ગમે તેવા બૂમ-બરાડા પાડી - તેના હાથ નીચે થઇ કે આસપાસ થઇ આગળ વધવાનો પ્રયત્ન કરે.

માને કો બંને બાજુથી હુમલો કરનારા છેલ્લા ખાનામાં આવી ગયાં ત્યાંથી કિલ્લામાં પ્રવેશવાનું હોય છે. ત્યાં બે રક્ષકો ઊભા હોય છે. તેની નજર ચુકવવી પડે. ધક્કો મારી કે તેને પછાડી કિલ્લામાં દાખલ ન થવાય. એ સંરક્ષકને દુશ્મનો તરફ થોડું આગળ વધવાની છૂટ હોય છે. એક વખત ખાનું છોડી દો તો પાછું તેમાં ન જવાય આશરો ન લેવાય.

આનું ઓળંગવાનો પ્રયત્ન થાય ત્યારે જ આઉટ કરી શકાય.

જયારે એકાદ - વ્યક્તિ કિલ્લામાં પહોંચે અથવા તો સૌ માર્યા જાય ત્યારે દાવ પુરો થાય. હવે દુશ્મનો સંરક્ષક બને ને સંરક્ષકો દુશ્મનો બને.

કયા ખેલાડીને કયા પોઇન્ટ પર ઊભો રાખવો તે નેતા નક્કી કરે. શરૂઆતના સંરક્ષકો ચપળ હોવા જોઇએ.

અગાઉ આ રમતમાં સૌ હાથમાં લાઠી અપાતી, ને મદાન વિશાળ દોરાતું લાઠી ફેરવતાં આગળ વધવાનું, (સંરક્ષક લાઠી મારી શકે) સંરક્ષક આજકાલ આ રમત કયાંક રમાતી નથી.

